# સાબરકાંઠા જીલ્લો




- સીમાઓ :- પૂર્વમાં અરવલ્લી જિલ્લો, દક્ષિણમાં ગાંધીનગર, પશ્ચિમમાં મહેસાણા અને સાબરકાંઠા , ઉત્તરમાં રાજસ્થાન રાજ્યની સરહદો આવેલી છે.
- ક્ષેત્રફળ :-૪,૧૭૩ ચો કિમી.
- સ્થાપના :-૧૯૬૦
- વિધાનસભાની કુલ સીટો :- ૪ { હિંમતનગર,ઇડર (એસ.સી), ખેડબ્રહ્મા(એસ.ટી),અને પ્રાંતિજ }
- વસ્તી :-૨૪,૨૭,૩૪૬ (૨૦૧૧મુજબ ).
- અક્ષર જ્ઞાન :-૭૫.૭૯%
- સ્ત્રી પુરૂષ પ્રમાણ:- ૯૫૨ (દર હજારે)
- વસ્તી ગીચતા :-૩૩૦ એક ચો.કિમી (વ્યક્તિ દીઠ)
- મુખ્ય મથક :- હિંમતનગર
- તાલુકાઓ :-૮(1)હિંમતનગર, (2)તલોદ, (3)પ્રાંતિજ, (4)ઇડર , (5)ખેડબ્રહ્મા,(6)ધનસુરા, (7)વડાલી (8) વિજયનગર
- તાલુકા પંચાયતની કુલ સીટો :-૮(બેઠકો-૧૭૨)
  હિંમતનગર-૩૦,ખેડબ્રહ્મા-૨૦, વિજયનગર-૨૨,ઇડર-૨૮,તલોદ-૨૦,પ્રાંતિજ-૨૦,વડાલી-૧૬ અને પોશીના-૨૦)
- જિલ્લા પંચાયતની કુલ સીટો :- ૩૬
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- નગરપાલિકા :- ૧ હિમતનગર (૯ વોર્ડ) (બેઠકો-૩૬)
- ગામડાંઓ :-૬૮૨
- મુખ્ય શહેરો :- હિંમતનગર,મોડાસા ,તલોદ ,ઇડર, ખેડબ્રહ્મા,પ્રાંતિજ,શામળાજી ,બાયડ,વડાલી
- રાષ્ટ્રીય ધોરી માર્ગ :- નેશનલ હાઈવે નં.-૪૮ (જુનો નંબર-૮)
- જમીન:- ગોરાડું, કાળી, ખડકાળ, પથ્થરીયાળ, રેતાળ, ડુંગરાળ તેમજ ખડકોવાળી
- નદીઓ:- સાબરમતી, ખારી, મેશ્વો, હાથમતી, હરણાવ, વાત્રક, માજુમ, ભીમાક્ષી ,ગુહાઈ ,આકુલ, કોસંબી, વ્યાકુલ.

- વાવ :- કાજી વાવ (હિંમતનગર ),નાગરાણી વાવ,દાવડની વાવ(દાવડ)
- કુંડ:- વેણી વત્સરાજનો કુંડ (ઇડર),બાલ સમુદ્રકુંડ (રાયગઢ), સપ્તનાથ મહાદેવનો કુંડ(સપ્તેશ્વર),બાલસમુદ્ર કુંડ
- તળાવ :- હંસલેશ્વરતળાવ , રણમલસર રાણી તળાવ (ઇડર), કર્માંબાઈનું તળાવ (શામળાજી), ભાંખડીયાતળાવ (પ્રાંતિજ), હંસલેશ્વર તળાવ (દાવડ)
- સરોવર :- શ્યામ સરોવર(શામળાજી)
- કિલ્લાઓ :- ઈલવાનો કિલ્લો (ઇડર)
- ડેમ યોજના :- હરણાવ બંધ અને ગુહાઈ બંધ
- જળ સિંચાઈ યોજના :- મેશ્વો સિંચાઈ યોજના (મેશ્વો-શામળાજી)
- પર્વત :-ઈડરિયો ગઢ, ખેડબ્રહ્મા ડુંગર
- મેળો :- ચિત્રવિચિત્ર મેળો (ગુણભાખરી)
- પેલેસ :- દોલત નિવાસ પેલેસ (હિંમતનગર)
- ઉદ્યોગ :-સિરામિક ઉદ્યોગ (હિંમતનગર) અને ક્વોરી ઉદ્યોગ
- ખનીજ :- આરસોડીયા અને એકલારા ચિનાઈ માટીનું ભારતમાં સૌથી મોટું ક્ષેત્ર છે
- પાક:- ડાંગર, બાજરી, કપાસ, ઘઉં, જુવાર, તમાકુ, મગફળી, એરંડા, રાયડો અને વરીયાળી. આધુનિક ખેતી માટે જાણીતો જિલ્લો છે.
- ડેરી :- સાબર ડેરી (હિંમતનગર -ભોળાભાઈ પટેલ દ્વારા સ્થાપના કરવામાં આવી હતી.)
- રાજ્યકક્ષાનું વન:- શ્યામલ વન ( ૨૦૦૯, શામળાજી), વીરાંજલિ વન ( ૨૦૧૭,પાલ દઢવાવ)
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- જોવાલાયક સ્થળો :- સાબર ડેરી (હિંમતનગર)શ્રીમદ્રાજચંદ્રનો આશ્રમ (શામળાજી),અને બ્રહ્માના મંદિરો (ખેડબ્રહ્મા), ઈડરિયો ગઢ, માળિયું (ઇડર) રાજમહેલ (હિંમતનગર), પોળોનું જંગલ (પોશીના), ગુણભાખરી , સપ્તેશ્વર,વીરેશ્વર,શ્યામલ વન (શામળાજી)
- આરટીઓ :-**GJ-09**
- ઉચ્ચ શૈક્ષિણક સંસ્થાઓ :-
    - જીએમઈઆરએસ મેડીકલ કોલેજ, હિંમતનગર

**<u>વિશેષ નોંધ :-</u>**

- આ જીલ્લાનું આર્સોડીયા નું ક્ષેત્રચીનાઈમાટીનું ભારતમાં સૌથી મોટું ક્ષેત્ર છે.
- ઇડરમાં ઈડરિયો ગઢ જોવાલાયક છે. અને લાકડાના રમકડા માટે જાણીતું છે.
- હિમંતનગરએ વેપારી કેન્દ્ર છે. પ્રાચીન નામ અહમદનગર હતું તે નાસીરુદ્દીન અહમદશાહ પહેલાએ વસાયેલ હતું. અહમદનગર તરીકે ઓળખાતું આ શહેરનું નામ રાજા પ્રતાપસિંહજી પોતાના વારસદારનું નામ સાથે જોડી હિંમતનગર રાખ્યું હતું.
- મોડાસા અને તલોદ શૈક્ષણિક કેન્દ્રો આવેલા છે.
- દેશની પ્રથમ એનિમલ હોસ્ટેલ હિંમતનગર તાલુકાના આકોદરા ગામમાં આવેલ છે.
- તાજેતરમાં આકોદરા ગામને ભારતનું ડીજીટલ વિલેજ તરીકે જાહેર કરવામાં આવ્યું છે.
- પ્રાંતિજમાં મત્સ્ય ઉદ્યોગ વિકસ્યો છે.
- હિમતનગરમાં સિરેમિક ઉદ્યોગ વિકસિત થયો છે.
- મેશ્વો નદીને કાંઠે આવેલ શામળાજી સ્થળે શામળાજીનો મેળો ભરાય છે.
- શામળાજી પાસે આવેલ દેવની મોરી સ્તૂપમાં બુદ્ધની પ્રતિમાઓ મળી આવેલ છે.
- પ્રાંતિજમાં મત્સ્ય ઉદ્યોગ કેન્દ્ર તથા હિંમતનગરમાં સિરેમિક ઉદ્યોગ વિકસ્યો છે.
- સંપૂર્ણ સુવિધાયુક્ત ગોકળિયું ગામ પૂંછરી આ જિલ્લામાં આવેલ છે.
- મહાભારતના સમયમાં આ પ્રદેશ હિડિમ્બાવન તરીકે ઓળખાતો હતો.
- ખેડબ્રહ્મામાં અંબાજીમાતાનું મંદિર આવેલું હોવાથી તેને ‘ નાના અંબાજી’ તરીકે પણ ઓળખાય છે.
- બોલુન્દ્રામાં શિવના અવતાર તરીકે પૂજાતા કાલભૈરવનું ગુજરાતની એકમાત્ર શિખરવાળું ઐતિહાસિક મંદિર આવેલું છે.



gnanbhandar.com

- ગુજરાતી કવિ ઉમાશંકર જોશી સાબરકાંઠા જીલ્લાના બામણા ગામના વતની હતા.
- હિંમતનગર અને પ્રાંતિજ શહેરની વચ્ચેથી કર્કવૃત પસાર થાય છે.
- સાબરકાંઠા જિલ્લાની મુખ્ય નદી હાથમતી નદી છે.
- અહમદનગર હાલનુ હિમંતનગર વસાવનાર નાસિરરૂદ્દીન અહમદશાહ ઈ.સ. 1426માં વસાવ્યું હતું. હિંમતનગર હાથમતી નદીને કિનારે વસેલું છે.
- ઈડરમાં આવેલી રણમલ ચોકી વાસ્તુશાસ્ત્રના નિયમાનુસાર નિર્માણ ઈમારત જે અત્યારે ખંડિયેર હાલતમાં જોવા મળે છે.
- સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકામાં રોડા ગામમાં આવેલ છ પ્રાચીન મંદિરોની સ્થાપત્ય શૈલી ગુર્જર પ્રતિહાર અથવા રાષ્ટ્રકૂળ છે.
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં દોલત નિવાસ પેલેસ ઈ.સ. ૧૯૨૨-૨૮ દરમિયાન મહારાજા દોલતસિંહજીએ હાથમતી નદીને કિનારે બંધાવ્યો હતો. જેને " લાવાદુર્ગ"તરીકે પણ ઓળખાય છે.
- રૂઠી રાણીનો મહેલ ઈડરના ઈડરિયા ગઢની ટોચ પર આવેલ છે. આ મહેલ ક્રોધિત રાણીનો મહેલ પણ કહેવામાં આવે છે.
- સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાનાં દેલવાડા ગામ પાસે ગુણભાખરી ગામમાં ફાગણવદ ચૌદશને દિવસે ચિત્રવિચિત્રનો મેળો ભરાય છે. આ મેળો મહાભારતના શાંતનુ રાજાના પુત્રો ચિત્રવિર્ય અને વિચિત્રવિર્યની યાદમાં યોજાય છે.
- સાબરકાંઠા જિલ્લામાં પોશીના ખાતે શ્વેતાંબર જૈન બંધુઓ માટેનું પવિત્ર સ્થળ આવેલું છે.
- માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પ્રથમ ગુજરાતી – મેહુલ જોશી (હિમંતનગર) (2018)

gnanbhandar.com